શ્રીગણેશાય

મુની રાજમાન.

નાટકનાં હુંઃ સ્ટાર ત્થા ગાયન.

શ્રી ભુજવિજય નાટક મંડળી માટે

રચનાર

મુવાન મોહનલાલ ગોકળદાસ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી ભુજવિજય નાટક મંડળીના માલેક,

આવૃતી ૧ લી. પ્રત ૫૦૦૦.

વિક્રમાર્ક શં૦ ૧૯૭૩, ઈ૦ શને ૧૯૧૭.

ચોપડી પ્રીન્ટર અબ્દુલરહેમ હેબતભાઈ એ જકરીયા મસજીદ પોસ્ટ નંબર ૩, મુંબઈ માં, શ્રી "તરણી" પ્રેસમાં શ્રી ભુજવિજય નાટક મંડળીના માલેકો માટે છાપી.

એમ. સ્ટાર પરફ્યુમરી કું ની

મુખ્ય બનાવટો પુર્વથી પશ્ચિમ સુધી એકે અવાજે

વખણાયલ સુકન્યા હેર ઓઈલ.

મધુર સુગંધી તથા મગજને ઠંડુ કરી ખરી પડતા વાળ ને અટકાવે છે તથા બજારમાં વેચાતા બીજા તેલો કરતાં અત્યુતમ છે કારણ કે શુધ્ધ કાચા ટોપરાના તેલમાંથી બનાવવામાં આવ્યુ છે હજારો સરટીફીકેટો મોજુદ છે. કી. આના ૧૨

સ્ટાર બામ.

ગમે તેવા સખત માથાના દુખારાને ફક્ત પાંચ મીનીટમાં નાબુદ કરે છે શંધીવા શરદીથી શરીરમાંથી નીકળતા ચસકા સાંધા ની નસોનુ અકડાઈ જવુ વગેરેપર વીજળીક અશર કરે છે.

કીમત આના ૬

સ્ટાર મેનથોલ

જાપાનીઝ બનાવટને પાછી હઠાવે તેવી તથા ગરમીથી થતા માથાના દુખારા માટે આરામ દુખરા માટે આ રામબાણ ઇલાજ છે કીમત આના ૪

લાઈમ જ્યુઈશ.

ગરમ થયલા મગજને તાજગી આપે છે વિદ્યાર્થીઓને આરામ આપી તેમને હુશાર બનાવે છે તથા ગમે તેવા દાઝી ગયલા ભાગપર લગાડવાથી તરત આરામ કરે છે કી. આ. ૬

• હારગામ માટે એજન્ટો જોઈએ છે

શોલ એજન્ટ એન. ડી. બારાઈ.

માંડવી પો. નાં. ૩ મુંબઈ

श्रीगणेशाय नमः

ખુની યજમાન

નાટકનો ટુંક સાર તથા ગાયનો.

શ્રી ભુજવિજય નાટક મંડળી માટે

રચનાર

યુવાન મોહનલાલ ગોકુળદાસ.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી ભુજવિજય નાટક મંડળીના માલેક,—

આવૃતી ૧ લી. પ્રત ૫૦૦૦.

વિક્રમાર્ક સં० ૧૯૭૩, ઇ० સને ૧૯૧૭.

આ ચોપડી પ્રીન્ટર અબ્દુલકૈયુમ હેબતભાઈ એ જકરીઆ મસજીદ પોસ્ટ નંબર ૩, મુબઈ માં, ધી "તહયિબી" પ્રેસમાં શ્રી ભુજવિજય નાટક મંડળીના માલેકો માટે છાપી.

મુલ્ય ०-૩-० આના.

માલેકનો ખુલાસો.

વાંચક મહાશય,

કંપની ઉઘાડતાં અમને ઘણી અડચણો નડી તે એટલે હદ સુધી કે ચાલતા ખેલની ચોપડીઓ સુધાં ચોરાઈ ગઈ, છતાં મી૦ મોહનલાલ ગોકળદાશનાં સતત્ તથા નીમકહલાલી પ્રયાશથી તમારી શમક્ષ આજે નાટયની રંગભુમી ઉપર અમો ફતેહ મેળવી શકયાં છીએ. પરમાત્માનો ખરો શિધ્ધાંત "સત્યમેવજય" નીને વળગવાથી મનુષ્યને અડચણ પડતી નથી તેનો પ્રત્યક્ષ અનુભવ મને થયો છે, જન શમાજની સેવા તથા માન મેલવવુ એજ અમારો મુખ્ય સીધાંત છે છેવટ અમારી કમ્પની કાંઈ પણ શારૂ કામ તુરતમાં કરી શકેલ હોય તો તે શરવનુ માન મોહનલાલ યુવાનને છે.

માલેક શ્રી ભુજ વિજય નાટક મંડળી.



લેખકના બે બોલ.

મુંબઇની માનવંતી અને કદરદાન પ્રજા સમક્ષ હું (બાળ) યુવાન આ મારો બીજો નાટક લઇ રજુ થાઉં છું તો આશા છે કે મને મારા પ્રયાસમાં ફતેહ મળશેજ કહું છુ કેતો હતો ને કહીશ કે,

> થશે ધાર્યું કૃપાળુનું, કરે દુનીયા કુબુદ્ધી તોય,
> કરી માફી નીરખજો સહુ ભુલચૂક બાળની જો હોય.

વળી વડીલ ગ્નાતી બન્ધુ મરહુમ શાક્ષર ડાહયાભાઇ ઘેળશાજી કહી ગયા છે.

> ટાળ્યા નહીંરે ટળે કરમે લખ્યું જે મળે.

એ બોલને વળગી રહી આજ થોડાક સમય થયા હું મારી શકતી મુજબ થોડું ઘણું નાટક લખવાનુ કામ જાનું છુ.

વળી પોકાર કરી ને અરજ કરૂ છુ કે હુ કાંઇ મહાન કવી નથી તેમ વીદવાન લેખક પણ નથી, માત્ર મારા થોડાક સમય નાટકી લાઇનના અનુભવને લઇને ખેલ લખી શકુ છુ તો આશા છે કે આપ મારૂ કાર્ય ફતેહને વાવટે ચડાવી વશના દુદભી નાદથી પ્રકાશમાં લાવશોજી.

લેખક મોહનલાલ ગોકળદાશ યુવાન.

નાટકના પાત્રો.

પુરૂષ વર્ગ,

અચળસિંહ ... ... અમીનાપુરીનો રાજા.
અકળસિંહ ... ... ગાદી પચાવી પડેલ અચળસિંહનો ભાઇ
યજમાન ... ... અચળસિંહનો પુત્ર (નાટય નાયક)
અજગર ... ... યજમાનનો સેનાપતી.
અમરસિંહ ... ... વિજયનગરનો રાજા.
અગરસિંહ ... ... અમરસિંહનો પુત્ર, યજદાનો પતી.
અભયસિંહ ... ... અમરાવતીનો રાજા, યજદાનો પીતા.
અજર ... ... } અભયસિંહના પુત્રો.
અમર ... ... }
અનંત ... ... યજમાનનો પુત્ર.
અનવર ... ... અચળસિંહનો પુત્ર.
ભીલ રાજા ... ... જંગલી લોકોનો સરદાર.
રણધીરસિંહ ... ... પુરૂષના પોશાકમાં રણમીલા.
ડોકટર ... ... } ચકરમ વિદ્યાનો ગેરઉપયોગ કરનાર.
બેરીસ્ટર ... ... }
મીઠુ ... ... તારાનો પુત્ર.

બાદ— ભાટ, સીપાઇ, રામો, પ્રધાન, સેનાપતી વીગેરે, વીગેરે.

સ્ત્રી વર્ગ.

અનુમા... ... ... અચળસિંહની નવી રાણી યજમાનની નહિ માતા

શીલરૂબા ... ... અકળસિંહની રાણી અનુમાની બહેન.

શાણી ... ... અભયસિંહની પત્ની, યજદાની માતા.

રેણુકા ... ... અમરસિંહની પત્ની, અગરસિંહની માતા.

રસકીન્દા ... ... યજમાનની સતી સ્ત્રી.

યજદા... ... ... અભેયસિંહની પુત્રી, અમરસિંહની પત્ની.

રણશીલા ... ... યજમાનની બ્હેન, પાછળથી અજગરની પત્ની.
પુરૂષના પોશાકમાં (નાટ્ય નાયકા)

તારા ... ... વીધવાઓને વિજય અપાવવાના મતને ટેકો આપ
નાર વિધવા.

મરચી ... ... ડૉકટરની દીકરી, મીઠુની માશુક

બાદ– બાળાઓ, બીજી રાણી, દાસીઓ વીગેરે, વીગેરે



સ્થળ—અમીનાપુરી વિજયનગર સમરાપુરી અને આસપાસનો પ્રદેશ.

પુર્વ વૃત્તાંત.

અમીનાપુરીના રાજા અચળસીંહ નવી રાણી અનુમાના ભરમ વ્યાથી જુની રાણી જયવર્માનો પુત્ર ધણાજ નખેદ અને રાજયને ભારરૂપ થશે એમ અચળસીંહને સમજાવી અકળસીંહ તથા દીલરૂબાના ઉશ્કેરણીથી પોતાના ત્રણ વરસના નાના બાળક યજમાનને મારાઓ સાથે જંગલમાં મારી નંખાવવા મોકલે છે ત્યાં મારાઓ તેને જીવતો છોડી દીએ છે બાદ વિજયનગરના મરનાર પ્રધાન સત્યસીંહના પુત્ર અજગર સાથે તેને મીત્રતાનો સંબંધ બંધાય છે યજમાનને લગ્ન ગયા બાદ નવી રાણીના પુત્ર અનવર તથા રણમીલાને હાથે જયવર્માને દુખમાં ઝેર અપાય છે યજમાન ઉમર લાયક થતાં તમામ વર્તન જાણ લઈ પોતાની માતાને મળવા યજમાન પોતાની સ્ત્રી પુત્ર તથા મીત્રને સાથે લઈ મળવા આવે છે પોતાની માતાનો મેળાપ ન થતાં નવી મા . થી પોતાના પીતા અચળસીંહને બંદીવાન કરી બદલો લેવા ચાહે છે ત્યાર બાદ અહીંથી જુની યજમાન નાટકની શરૂઆત થાય છે

લેખક યુવાન મોહનલાલ

ખુની યજમાન નાટકનો ટુંકસાર.

મંગળાચરણ.

અંક ૧ લો પ્રવેશ ૧ લો.

અચળસીંહ તથા અનુમા કાના અહમાં યજમાને આવી પોતાની માતાના મૃત્યુના વેરનો બદલો લેવો બાદ ક્રોધાતુર થઇ પોતાના કાકા અકળસીંહને મારવા તેના મેહેલમાં જવું.

પ્રવેશ ૨ જો—અકળસીંહ તથા દીલરૂબા-હર્ષમાં ત્યાં સોદાગર ના વેશમાં યજમાન તથા અજગરનું આવવુ બાદ સીપાઇએ આવી અચળસીંહ તથા અનુમાના ખુનની વાત સંભળાવવી. અકળસીંહનો ગુસ્સો યજમાને ખુલ્લા પડી અકળસીંહને મારવો દીલરૂબાનું તરફાળ થી મળી જવું.

પ્ર ૩ જો—વીધવા તારા વીધવાઓને કેમ વીજય અપાવવો તેના વીચારમાં ત્યાં ચક્રમ બેરીસ્ટરનું આવવું, વાતચીતમાં તારને ગળે પડવું તકરાર થતાં ડોકટર તથા રામાનું આવવું. બંનેને તકરાર કરતાં જોઇ બેરીસ્ટરને મેડ બનાવી દવાખાને લઇ જવો.

પ્ર. ૪ થો.—યજમાન નીંદ્રામાં પોતાના કુમાર અનંતનુ ખુન કરવા આવવુ રસકીં દાબે રોકયો છતા પણ પોતાને જગાડી મારતાં પોતે કાળનો ભોગ થવુ (પથ્થર નીચે દબાવી મારવો) બાદ જપત કરેલા મ્યના સાથે સેનાપતી અજગરનું આવવું યજદા સાથે યજમાને પ્રેમની માંગણી કરવી, સતીને ત્રાસ આપતાં ખુમરાણ સાંભળી રસકી દાએ આવી અટકાવવો નહી માનતાં પોતે.(રસકીન્દા કાળનો ભોગ થવુ)

પ્રે ૫ મો—મીઠું તથા મરચીની રમત ગમત

પ્રવેશ ૬ ઠો—જાત્રાએ નીકળેલો અભયશીંહ તથા રાણી મ્યનો ત્યા બાળકો ગુમ થયા તેની ચીંતામા ત્યાં શીકારે નીકળેલા અગરસીંહના હાથે વાઘને મારવા જતાં અભયસીંહને ગોળી લાગવી. અગરસીંહની અફસોસી—ત્યાં અજગર તથા સીપાઇઓનું લુટફાટ કરતાં આવવું. અગરસીંહ સાથે લડાઇ. અગરનું ભાગવુ, રાણીનુ તેની પાછળ જવુ, અગરસીંહનું આવવું રાજા તથા રાણીને નહી જોવાથી તેની શોધમાં જવું.

પ્ર. ૭ મો—યજમાનની બહેન રણમીલા તથા ભાઇ અનવર ખુની ભાઇના જુલમની જાણમાં ત્યાં દાસીએ આવી તેમને નાસવા કહેવું રણમીલાનું નાશી જવું, યજમાને આવી અનવરની આંખો ફોડી નાખવી.

પ્ર. ૮ મો—મેડ બનાવેલા બેરીસ્ટરનો બબડાટ રામાએ આવી મોંપર કુચો આપવો બાદ ડોકટર આવી જબરજસ્તી ગળામાં સાંણસો નાખી દવા પાઇ બીલ માંગવું, તકરાર ચકરમોની ધમચકડી.

પ્રવેશ ૯ મો—યજદાની યજમાન પાસે પોતાની છોડાવવા યાચના. યજમાને પ્રેમની માંગણી રતીએ નહી માનતા તેના એક ભાઇને છાતીમાં ખીલી ઠોકી મારવો અને બીજા ભાઇની જીવતાં ચામડી ઉતારવી

પ્રવેશ ૧૦ મો—ડાકટર તારાને મળવાના રી[illegible] ાં ત્યાં તારાએ આવી મળવું મીઠું મરચીએ તેમનું પોગલ જોઇ જવું બેવકુફ મા બાપોના અવળા કર્મ માટે પ્રતીજ્ઞા અને પોતાના પ્રેમનું પરીબર બધારવું.

પ્રવેશ ૧૧ મો—જંગલમાં ઘાયલ થયલા રાજા અભેસીંહ સાથે અગરસીંહનું આવવું, અગરસીંહે અભેહસીંહ માટે પાણી લેવા જવું બાદ રાણીને આવીને મળવું યજમાને આવી બંનેને કેદ કરી લઇ જવા બાદ અગરનું પાણી લઇ આવવું સસરાની પડી રહેલી તળવાર થી વેર લેવા નીશ્ચય કરવો.

પ્રવેશ ૧૨ મો કાળા ગ્રહ.

કાળાગ્રહમાં યજદા તથા રાજા રાણી કેદ યજમાનનું આવવું, રાણીને સમજાવવા કહેવુ, નહી માનતાં રાજાને રાણીને ફાંસી.

(ટેબ્લો)

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

પ્રવેશ પેહેલો.

પ્ર. ૧ લો—રણમીલા રણધીરના પોશાકમાં ત્યાં અગરસીંહનું આવવું બંને જણા મળી યજમાનને મારવા પ્રયત્ન.

પ્રવેશ ૩ જો તારાનું ઘર.

રામાએ આવી પારસલની પેટી તથા ચીઠી આપવી મરચીનું પારસલ ખોલવું પેટીમાં પારસલ થઇને આવેલા મીઠુનું મળવું કહી આમાં લાવેલા તારાને નસાડવા પ્રયત્ન. તારાનું આવવું, સાપને જોઈ ડરીને નાસવું. મીઠુ મરચીની ગમ્મત.

પ્રવેશ ૩જો અમરસીંહની કચેરી.

યજમાનનો હુંપદભરી પત્ર લઇ બારોટનું આવવું. અમરસીંહે લડાઇ માટે તઇયારી.

પ્રવેશ ૪ થો રસ્તો.

રણમીલા તથા અગરસીંહ ગવઇયાના પોષાકમાં યજમાનની કચેરીમાં નોકરી રહેવા નીશ્ચય.

પ્રવેશ પાંચમો અમરસીંહનો કીલ્લો.

અમરસીંહનું લશકર સાથે આવવું કીલ્લા બહાર કવાયત લડાઈ થતાં યજમાનને હાથે અમરસીંહ વગેરેનું કેદ થવું. બીજા લશકરીઓ નાસી જતાં મહારાણી રેણુકાનું રોકવું રજપુતાણીઓ સાથે લડાઇના મેદાનમાં પડવું, યજમાન સાથે લડતાં રેણુકાનું કેદ થવું.

(ટેબ્લો)

પ્રવેશ ૬ ઠો રસ્તો.

બેરીસ્ટર તારાને મળવાનાં શીરાગમાં આવવું મીઠુએ આવી બેરીસ્ટરને બૈરીનો પોશાક પેહરાવી તારાને મળવા કહેવું, મીઠુનું જવું, ડાકટરનું આવવું બઇરી બની બેઠેલા બેરીસ્ટરને તારા જાણી ડાકટરે ઉપાડી જવું.

પ્રવેશ ૭ મો યજમાનનો ખાનગી મેહેલ.

યજમાન તથા દીલરૂબા પ્રેમમાં, ત્યાં કેદી વેશે અમરસીંહ તથા રેણુકાને બોલાવવા, ખંડણી માટે રાજાનો ઇનકાર, યજમાનનો ગુસ્સો ત્યાં નાયકા વેશે રણમીલા તથા અગરનું આવવું, નોકરીની યાચના, યજમાને ખુશી થઇ નોકર રાખવા.

પ્રવેશ ૮ મો રસ્તો.

નોકરી મળ્યાથી રણમીલ તથા અગરસીંહનો આનંદ

પ્રવેશ ૯ મો યજમાનનું કારાગ્રર.

યજદાના હાથપગમાં બેડીથી બંધન, રણમીલા તથા અગરસીહનું ગુપ્ત. સતીની કછોટી, અગરસીંહે ખુલ્લા પડવું. સતી ઉશ્કેરાય. પોતાના માતાપીતાને છોડવા જવું

પ્રવેશ ૧૦ મો. જેલખાનું.

અમરસીંહ તથા રે[illegible]કા જેલમાં સીખ કમાનડરના વેશમાં રણમીલાએ આવી સીપાઈઓને રજા આપી, હથીઆર લઈ જવા કહેવું કોટની બારીએથી અગરસીહનું ઉતરવું, અગરસીંહ તથા રણમીલાનો મેલાપ, અમરસીંહને નસાડતાં સીપાઈનું આવવું, રણમીલાએ સીપાઈને મારવો બુમરાણથી ત્યાં યજમાનનું આવવું, અજગરના આવતાં તેનું હથીઆર છીનવી લઈ અમરસીંહનું યજમાન સાથે યુદ્ધ કરવું, યજમાને રાજા રાણીને મારવાં, અમરસીંહનું છટકી જવું, રણમીલાની પીસ્તોલની ગોળીથી યજમાનની ગોળીના ટુકડા થવા બાદ તલવાર લેવા જતાં અગરસીંહનું નાશી જવું,

ટેબલો.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો પ્રવેશ પહેલો,

યજમાનનો મહેલ.

દીલરૂબાની કપટ જાળ બીછાવવાની શરૂઆત, અજગર તથા યજમાનની તકરાર અજગરને રાજ્યમાંથી કાઢવો અને રણુમીલાને સેનાપતીની જગ્યા આપવી.

તારાનો કાગળ લઇ જતાં રસ્તામાં મીઠુ મરચીનો મેળાપ. બંને ની વાતચીત. મરચીનું કાગળ લઇ ડોકટરને આપવા આવવું બહેર બનેલા બેરીસ્ટર સાથે ડોક્ટરની ગમ્મત ભેદ ખુલ્લો.

જેલમાંથી અગરસીંહનું આવવું, ત્યાં અગર સાથે મીલાપ. અજ ગરનો પ્રશ્ચાતાપ, બંને જણ મલી યજમાનને મારવા પ્રયત્ન શોધવા

પ્ર. ૪ થો—દીલરૂબાનું સેનાપતી બનેલા રણધીરસીંહ ઉર્ફે રણુમીલાની પાછળ આવવું પોતાની સાથે પોતાના પતી તરીકે કબુલ કરાવવું.

પ્રવેશ ૫ મો—ડોકટર બેરીસ્ટરનું ચકરમપણાનો પુરો ઊપયોગી દર. તારાના ઘરમાં સતાવું, તારાનું આવવું, મીઠુ મરચીની કરેલી કોશ શથી વારંટ લઇ આવેલ છે તેવો ખોટો ડર બતાવી તારાને સંતાડવા પોલીસને બોલાવીને તમામ ભેદ ખુલ્લો પાડવો. ડોકટર બેરીસ્ટરનો પસ્તાવો, કોમીકનું છેવટ.

પ્ર. ૬ ઠો—યજદા વીલાપમાં યજમાને આવી ઘણું સમજાવી નહીં માનતાં એક પહોર બાદ તેને જાનથી મારવા નીશ્ચય. યજમાનનું જવુ યજદાં ખાતાં બારી તોડી રસીવડે અગરસીંહનું અંદર ઉતરવું બંનેના ભારથી રસીનું તુટવું, બંનેનું ગભરાવું, સેનાપતીના પોશાકમાં રણુમીલા આવી બંનેને બચાવવાને બહાર કઢવા. યજમાનનુ આવવુ.

પલંગ પર સુતેલી યજ્દા જાણી ભેટવા જતાં રણુમીલાએ મોઢામાં ડુચા મારી પલંગ સાથે બાંધી મહેલને આગ લગાડવી યજમાનનું બની જવું.

દીલરૂબા અને રણધીરસીંહ ઉર્ફે (રણુમીલા) નીદ્રામાં કમરમાંથી દીલરૂબાએ છરો કાઢી રણધીરસીંન ઉર્ફે (રણુમીલા)ને મારવા જતાં અગરસીંહનું આવવું પાપણીનો પ્રપંચ ખુલ્લો રણધીરસીંહના હાથે દીલરૂબાનું મોત.

જંગલમાં જેઢા તથા કેહીએ અનવરને મારવા લાવવો, અગર સીંહે આવી બચાવવો, સતી તથા અજગરને મુકી અગરસીંહનું ફળ ફળાદી લેવા જવું ભીલ રાજાનું આવવું, સતીને લેવા માટે અજગર સાથે તકરાર ત્યાં અગરસીંહનું આવવું ભીલ રાજાની મારી મેળાપ

પ્ર. ૯ મો—ભીલરાણી તથા યજ્દાની વાતચીત, અમરસીંહ તથ અજગર તથા રણધીરસીંહ વીગેરેનું આવવું, રણધીરસીંહ વીગેરેને લશકર તઇયાર કરવા મોકલવા લડવા જતાં સતીની હઠ સાથે લેઇ જવી.

પ્રવેશ ૧૦ મો પાહાડ.

પાહાડમાં યજમાનનો પાપનો પ્રશ્ચાતાપ. અરસપરસ સ્વાંઇ, યજમાનને મારવો.

પ્રવેશ ૧૧ મો કચેરી.

અમરસીંહને ગાદીએ બેસાડવો. રણુમીલાએ ભેદ ખોલવો, અજ ગર સાથે રણુમીલાના લગ્ન. છેવટનો આનંદ.

એમ. જી.

લેખક (યુવાન)

ॐ तत्सत् परमात्मनेनमः

મંગળાચરણ.

૧

બાળાઓ—

લક્ષ્મી કાંન્ત સ્નેહે સદગુણ ગાઉ
રીઝ તું પાવન હું થાઉં પ્યારા
જગ જશ વરતાવું લક્ષ્મી
મનહર સુખકર જગધર
પ્યારા નટવર સ્વામી
જગ જય કરતા દુઃખ હરતા સુખ કરતા
જગ જશ કરો વીભુ ગાઉ લક્ષ્મી.

૨

બાળા તથા દેવી—

નથી દુનીયામાં સાર કાંઇ યાચું હું દયાળ
આજ અજબ ગજબ માનવી કરે છે

દેવી—કહેવું તારૂં સત્ય છે બાળા કઇ ક્રુર કામે નઠારી
અવની આ ભરી. નથી

દેવી—સંતને શીરોમણી ભરે અનિતી ફાંસી
પાયમાલ નહિ થાય તે અરે
ધર્મ તણો થાયે ક્ષય કર્મનો કહેવાય જય
પેદા કર્યા જેને ઉછેરી નાખે તેને નીચ વધેરી
આજ હીંદમાં નથી.

ગાણીઓ— ૩

રે લખ્યાં કર્મના લેખ કહો શે ટળશે............
બાવળને પાણી પાવ કદી નહી આમ્ર ફળો મળશે
સતીયા જન સત્યે મરશે
કામિ કુકરમી બળશે
પાપી અવપંથે પળશે
જોઇ જગનાં સુખ બળશે
આ ભવ મંડળમાં ધર્મ કર્મનો ભાર લઇ ઉધરશે
બાવળને પાણી.

યજમાન— ૪

કરૂં સંહાર જમ પળમાં
ઉડાવું શીર અરી દળમાં
સરપર મેઘ થઇ ગરજુ—હાં—હાં
કંપાવું હું ધરા
ડરૂં નહિ જરા
ત્રાડી તોડું ત્વરા
આકાશ હળહળા કરૂં

નાયકા— ૫

આંકે ખમા સરદાર
મુલક ધણી ધરભાર. આંકે.
મુખડો આંજો કાયમ રેંધો
અવીચળ રેંધો ઠાઠ. આંકે.
આંઇ અસાથી જુધ્ધા મ થીજા
નઇ નઇ મોજું નીત તાં ડીજા
આંજે મુખડેજી છટા ન્યારી
તેં મથે વન્યા આંઇ વારી રે. આંકે.

તારા— ૬

હું રૂપ મઢી રંગીલી હું કેવી રંભા નાર
ઓપે ઓપે સર્વાંગે સારા આભુષણ અંબાર હું.
હાથે કંકણ નાકે વાળી ચોળી દે ચીતડાને બાળી
વળી વધારે શોભા શું કહું પગ ઝાંઝર વીસ્તાર
ચાલુ ચટકે હું રૂપાળી સાડી ઓપે કેવી મારી
ભલા ભલા જુએ છે ધારી મારો આ શણગાર હું.

બેરીસ્ટર-તારા— ૭

કાંઇ કાઢો બેરીસ્ટર વીધવાનો કાયદો કાયદાથી ફાયદો ઇંગ્લાન્ડે
રાંડી રાંડો મોજ કરશે ગાડી ઘોડે નીત્ય ફરશે
એમ—ઓલ રાઇટ
જો મળે સુધારાને ફેશનની સહાય તો
વીધવા વીજયવંત કહેવાયજો કાંઇ

ડોકટર-બેરીસ્ટર-તારા-રામો— ૮

જુલમ જુલમ જમાનામાં થાય છે
ધોળે દીએ અંધારૂ મનાય છે
કાયદાનું કંડીસન કહેવાય છે
જન્ટલમેનોની ઇજ્જત લુટાય છે
બન્યો પુરો ખાખંડી તુ પુરો બન્યો
બીક વાઇ યુ ટેમ—મેડ મુને ગણ્યો
ઓ યસ, ઓ યસ, ઓ યસ.
કાનુનો સંભળાવવામાં છે કેવાં રૂડાં નામ
એવુ કયા કાયદામાં છે કે કરવુ આવુ કામ.
ગપ રહો ચલો વાર થાય છે
બીન દર્દી દીવાનો ગણાય છે

મરચી— ૯

ખીલી કળીદો કરમાય રસીયા હૃદયના પ્યારા
આ જોબન જોલા ખાય, મળશે ક્યાં મોહન મારા
હું જોબનવંતી નાર, મારો રંગીલો ભરથાર
દીલ દેવળનો દરબાર મળશે ક્યાં મોહન મારા
તુમ વીરહે જીવડો જાય અંતરમાં ફંદ કંઈ થાય
મનડુ મારૂ મુંજાય, મળશે ક્યાં મોહન મારા.

૧૦

પીલુ-મરચી—

પ્રેમ પાઠ શીખો રસીલા છબીલાજી આવો
પ્રેમ માળા રે બાળ શીખાવો પ્રેમ.
પ્રીતીનો પાઠ ભણ્યો ભરથાર.
કીધો નર પરવશ તેં નાર
ગુણના સાગર પ્યારા ખરેખર છો ભરથાર શીખો.

આગર— ૧૧

અહા મરૂ હુ વનમાં તેને પળમાં
જીવ લઈને નાસે જાણે છલબલ કરતુ તે વનમાં
પ્રાણ જતાં પણ છેડુ નહી મારૂ હુ પાપીને પળમાં
સીંહ સરીખા વાઘ વરૂ પણ મુજથી નાસે ક્ષણ ક્ષણમાં
શસ્ત્ર થકી સંહાર કરૂ મારૂ હુ પાપીને પળમાં અહા.

રણસીલા— ૧૨

દુનીયા દોરંગી દોરંગી દુનીયા દોરંગી
સદ સજજનની નહી સંગી દુનીયા.
પ્રપંચીઓ પાલખીયે બેસે, સાચાને શીર ભારો
સદ સજનોને કષ્ટ દીએ છે અવનીમાં એ ધારો

શાખી

કુલ જગત આપ સ્વાર્થીની, કોઇ ન દેશે સાથ,
હવે હમારી લાજ છેર પ્રભુ તમારે હાથ

મીઠા બેલા રાજ કરતા ભુખે મરે સાચા
કુડ કપટીઓ હોંસે ફરતા એળે ગયા જનમારો.

ડોકટર બેરીસ્ટર શામો— ૧૩

કરી છેતર પીંડી કાયદાથી ઈધણ. ડોળ રાખી દુર્ભાગ્ય કીવાળીઆ
જની પુરો પાખંડો કરી તેં લુચ્ચાઇ બીલ આપો દે સાંચો વહેવારીઆ

નો—નો—જા જા તારા જેવા કંઇ ફુવે છે ગટર
સાંગતો મીં તુલા ગપ રહા બેરીસ્ટર

આલ્પધીમાં હીંગ મલી તો થયા ડોકટર
નસ નાડો જાણે નહી ને રાખે છે મીટર

શુ દેશ વેરી બેઠ ધંસીસ મેડ હીકાય—કરી

ભજન— ૧૪

હું હારી હવે તુ તાર–વીજુ વાર કરો મા
દીનાનાથ તારો આધાર લ્યો દીન બળાની સંભાળ

વિશ્વપતી તુજ ધ્યાન ધરૂં છુ કષ્ટ કાપો પ્રભુ સુખ આપો વીજુ
દયાળુ દીન દયાળ વીજુ

મીઠુ મરચી ૧૫

વાહ પ્રેમ તારી બલીહારી દેવો પણ ગયા છે હારી
નહી જાય મોતની બારી તોપણ રહેશે તું પ્યારી
નાત જાત નહી જંગલ જોશે કોણી કુબડો બેટે હોંસે

ઇજત બાય તણી પણ ખોશે, ભલે ભરાયે દુન્યા દોશે
ભોંય પડીને ભૂખે રહેવા તોપણ કહેશે તેની સેવા
ભીખ માગીને ભાખરી લેતા, તે પણ છે કહીના મેવા.

એમ હા, વાહ પ્રેમ વાહ વાહ

૧૬

અમર—

જય મારૂ તેને ઠાર છે શત્રુ આ તઇયાર
હવે કરૂ ના વાર, ચીરી નાખું તેનું તાળ
પાપી થજે તઇયાર, લઇ હસ્તમાં તલવાર
ધીકકાર ફીટકાર ઓ કુળના અંગાર
ધીપર કરે શું વાર હરામી આ ગમાર
હરી ગયો શું બાળ, નીચ કૃત્ય કરનાર
ધીકકાર ફીટકાર ઓ કુળના ચંડાળ

૧૭

ચનદા—

અબળાના બેલી વ્હાલા સુંદીર સ્યામ હો,
રક્ષા દીન દાસી, દીન દાસી કરી આવી ઉતાવળા હોજી,
વહેલા વીઠલ વર વ્હાલા આવો વારે છોગાળા,
જપુ તમ નામની હું માળા, સુંદીર સ્યામ.
સંકટ સમયે રઢીયાળા, વીનવુ દુખીઆરી બાળા.
ધાઓ ધરી હામી નંદલાલા. સુંદીર સ્યામ,

અંક પેહેલો સમાપ્ત.

અંક બીજો.

૧૮

અમર—

જગતની જંજાળમાં ફસીને સુગુણી સહુ ફરે
કામ લે કુકૃત્યના નીતી સાથે નવ મળે
મોહમાં મસ્તાઇને હુંપદ અભીમાની કરે
સ્વાર્થની સંગાથમાં દેખે અગની પણ બળે.
સુખ ખુવે છે હઠથી આફતો શીરે અદને
કર્મને ગણીને મીત્ર અકરમો બને છે આપથી. આફતો.

અરચી — ૧૯

અરે વાહવાહ મીઠુજી મન હરનારા, ભાવે ભેટો રસીક રંગીલા.
મી.—અરે વ્હારે મધુરા શા બોલ તારા, મને લાગે સુધાસમ પ્યારા.
અ — જોયો જોયો તમારો પ્રેમ જાવજી.
મી.—રસ ઘેલી રસીલી ન રીસાવજી.
અ — અરે જાવ જાવ જાવ.
મી.—પ્રીયા આવ આવ આવ

રેખતા — ૨૦

છેડી સીંહણને કાઢીશ શું સાર
અરે ઓ દુરાચારી કરૂં તુજને ખ્વારી અશીધારી. છેડી.

સાખી

સાહસ નાગણ છેડતાં સુખનું સત્યાનાશ,
ખચીત સમજજે બાયલા પડયું તુઠી આકાશ.
પા——પી——ને કરૂ પાર......

૨૧

સૈનીકા તથા રજપુતાણીઓ—સૈયનીકા—

હીમત ધારી અબળા ચાલો બાહાદુર બાળાઓ બળધારી
બનાવી દયો દુન્યા ભરમાં આ સુરવીરાની સરદારી.
આબરૂ સતી તણી હરી સભાળશે
કાપી કષ્ટ સ્નેહે શામળો બચાવશે.
વિજય થશે વિજય થશે સુની સતી તણો
જલ્દને જટ જુલમાં બક્ષ રાયને હણો.

બીડુ— ૨૨

દીકના બીડુ આ શું દીઠું, આશક લટપટ ખુબ કરે
બુઢા બહેરા અંધા ધેના મશુક કાજે મોત વરે
ન્યાત કે કજાતનો ફો ભેદ ના ગણે
વાગે બીંગલો ને ગીત ગામના ભણે
સાત કેહો સાઠ વરષ તો ઊટે ચડે
કંથ કામોની સાથ લાકડે બડે

રશ્મીલો—અગર— ૨૩

મહોબત લબોંપે આઇ જાકે સનમસે કહેદો
તેરે ઇશ્ક કી સતાઇ જાકે સનમસે કહેદો
તેરે લીયે પડી હુ જંગો જમીપે જાની
કહેસતાવો પ્યાર જાકે સનમસે કહેદો
હમ ઉનપે મર રહે હય પરવા યહાંવો કરને
ચાહે જાન લો યા જીગર દો જાકે સનમસે કહેદો.

શેર.

કરબદી તો પાય દોલત વોહન આખરભી રહે
શાહી ભરેલી છોડકર જેરે જમીમે ગડ ગયે
મુફલસામે કરતે હય સબ યાદબી અલ્લાહકી.
જબ મીળા તો કા હુકુમત તબ ખુદા કો ભૂલ ગયે

અમરસીંહ— ૨૪

મળે ના સ્વાર્થ વીનુ સબંધી કોય કરે પ્રીત દ્રવ્યને કાજે
સ્વાર્થે ખોટા કરતાં ન લાજે ટળે ના વાસ્યવાળા કુબુદ્ધી

સાખી

ભ્રાત ભગિની પુત્ર પતની, માત કે હો તાત,
સ્વાર્થમય સરવે થય સ્નેહી જાણે હાથ. મળેના.

રજકા— ૨૫

સ્યામ સુંદીર કરો મહેર............વીનુ
જનપર આવી વીપત વખતમાં આવો સ્વામી.
પાપી પીડે વીણ વાંક દુઃખ દે અધમ અમાપ
અરજ સુણી આવો
ગીરધર મનહર નટવર સુખકર ઓ શામળા સ્યામ.

રજકા—રણમાલા— ૨૬

જાને ઠગારી તું નીચ ધુતારી તું કૃત્ય કુડાં કરનાર
છાનીરે નારી તુ કર્મ નીહારી શુ થાળ ભર્યો તજનાર
ઓ કુતરી તું કેમ કાળ ધરમને સભાળ
જાવરી જુવાની એ શોક દુર ટાળ
સમજી અરે જા—કામી દુર થા.

રજકા—અમર— ૨૭

જાઓ માતપીતા દુખીયારા છોડાવીને લઇ આવો સહી હાલુ
શશી વદની વચન સત્ય છે તારાં હૈ-દીલમાં નહી ગભરાવો મમપ્રાણ
પીઉજ ધારા રીપુ સંહારી જાઓ.
કાર્ય સીધ થશે શોક દુર જશે. કરોધ નસનસે-સુખેથી સીધાવો
છોડાવીને લઇ આવો. જાઓ.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

ડોકટર-બેરીસ્ટર— ૨૮

ડીયર કર ડ્રેસ મળી સાથે, નેટીવ રીવાજો દુર કરી
એટીકેટે અપમાન થયું છું પોઝીશનમાં આવ ફરી

મીડુએ ખુબ લીધી પ્યાલીન કંઇ પાથી
ઇજ્જત ઊતારી દીધી ખુદાએ મહેર કીધી

ગભરાવ નહી વ્હાલી તારા, બેહાલ કર્યા દીકરા મારા. એટીકેટે.
લવલીજીન કરશું મન માની ગાડી ઘોડે ફરશું.

અંટરોક લન્ડન હોટેલમાં વરેઠી બેવડે જમશું
હે કેણુ બેરીસ્ટર—હા ડોકટર
મરદો મરદોના આશકશું કન્યા વહેવારો ધુળ કરી—એટીકેટે

રણુમીલા-દિલારામ— ૨૯

કદી અલગ નાથ થાશોમાં, મને મુકી ક્યાંઇ જાશોમાં,
રસ ઘેલા રીસ કરશોમાં, જઇ આવુ શાસ્રો મુઝાશોમા.
નહી પીડો પતી જુરી મરૂં અતી, વ્હાલમજી પ્યામી છોગાળા
તરછોડી ના જાશો પ્યારા રસઘેલા રીસ કરશો ના.

ડો—બે—તા—મી— ૩૦

હાય ફશ્યા ફંડામાં મેળવવા માશુક ફનાર
ખાધા જુતા ને વાગ્યા જેન્ટલમેનો બાર

પરણ્યા પી મની વાસે કરવા ગઇ હું તો પ્યાર
દીકરએ દહાડા દાધા તોડાવ્યો આ વ્હેવાર.

બાપાએ માન વધાર્યું, થઇને ડોક્ટર
ઇજ્જત ગુમાવી હાથે જાણીને બેરીસ્ટર.

આ દુન્યામાં મેદુ કાંઇ લાભ ન ફર.
ઢાંકણીમાં પાણી લઇને જુી મર.

ગઝલ—   ૩૧

આકાશ મહીં મંડળ તણાં સૌ દેવ અરજી સાંભળો
ચીલ્લાય પોકારો કરૂ છુ વાત સકૈ દીલમાં ધરો.
પાપીતણા પંજામહીં વ્હેરી વીધાતીયે ફસી
માતાપીતાનો ભોગ આપી, દુઃખ ડુંગરમાં વસી
જાવું કયાં નહી સુખ તલભાર, નીરખું કયા દીલેનો દરબાર
કયાં છો પ્રાણ પ્રાણ પીયુપતી રઘુપતી રાજવી રામ
શોધું કયાં અંતરના અભીરામ

ગઝલ—અગર—   ૩૨

શાણી શરમાવો શાને, જાઓ છબીલા છેડો નહી તલભાર.
એમ તે હોય.   ઉહુ—જાઓ—ઠીક
જાઓ શાણા સલુણા સતાવો નહી
આવો પ્યારી રસીલા મુઝાઓ નહી,
મુકી વીરહી રસીલા દુભાઓ નહી
    ત્યારે શું રે કાઉં
    ના નહી જવા દઉં
ચાલ મારી સાથે પ્યારી શામળા હું જાઉં વારી

૩૩

રહો અજર અમર સકળ વીશ્વમાં
જળમાં સ્થળમાં ત્રિશ્વરા વિજય કહેવાશે
ધર્મ તણો જય થાય જગતમાં
પાપી પ્રલય થશે પળમાં.   રહો.

સમાપ્ત

સમસ્ત કચ્છી જૈન કોમના હિતાર્થેઃ—

સામાજિક, નૈતિક અને ઐતિહાસિક વિષયોને ઉત્તમ રીતે પ્રતિપાદન કરતું ગમત શાથે જ્ઞાન આપતું સારૂ અને સસ્તું—

સચિત્ર] "**કચ્છી જૈન મિત્ર**" [માસિક

પ્રસિદ્ધ અનુભવી લેખકોના હાથે લખાતા **ઉત્તમ** સચિત્ર લેખો બોધદાયક ચિત્તરંજન વારતાઓ અને **રમ્ય** કાવ્યો સાથે દર અંગ્રેજી માસની શરૂઆતમાં બહાર પડે છે વાર્ષિક લવાજમ પોસ્ટેજ સાથે માત્ર રૂ. ત્રણ

જાહેર ખબર માટે આ **માસિક** એક **ઉત્તમ શાધન**છે. વધુ વિગત માટે લખો—

લો. વ્યવસ્થાપક "કચ્છી જૈન મિત્ર"

કાથાબાજાર–માંડવી, મુંબઈ

શ્રી ભુજ વિજય નાટક મંડળીના નીચ્ય
ખેલો હવે પછી બહાર પડશે.

નીરંજન ઉર્ફે
તરૂણ તપસ્વી

ફેન્ટોમશ ઉર્ફે
નીર્દય નીરો.

મહાત્મા તુલશીદાશ